હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જો હું મોહનથાળ બનાવું છું... અને હા ગયા વખતની જેમ તમારા ડેન્ટીસ્ટને એવું ન કહેતા કે મારો બનાવેલો મોહનથાળ ખાવાથી ડેન્ચર તુટી ગયું...!!

સે. ૨માં પિતા-પુત્રનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

૩૦ દિવસ બાદ શહેરમાં કોરોનાએ પુનઃ દેખા દીધી : બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે

ગાંધીનગર, તા. ૧

૩૦ દિવસના વિરામ બાદ ગાંધીનગર શહેરમાં કોરોનાએ પુનઃ દેખા દીધી છે. ગાંધીનગર શહેરમાં પિતા-પુત્ર કોરોના પોઝીટીવ આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માં રહેતા એક પરિવારમાં પિતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મળતી વિગતો પ્રમાણે પરિવાર ૪ દિવસ પૂર્વે જ મુંબઈ પ્રવાસેથી પરત ફરેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪૪ વર્ષની આયુ ધરાવતા પિતાએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. જ્યારે પુત્ર જેની આયુ ૧૩ વર્ષની હોવાથી તેને વેક્સિન અપાયેલ નથી.

ગાંધીનગર શહેરમાં ૨જી ઓક્ટો.ના રોજ કોરોનાનો કેસ નોંધાયો હતો. આ પછી બરાબર એક મહિના બાદ કોરોનાના આજે બે કેસ મળતાં જ તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨ માંથી આજે બે કેસ મળતાં જ સતર્ક બનેલા તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ માસ્ક પહેરવાના નિયમની અસરકારક અમલવારી થાય તે જોવા માટેની સૂચનાઓ જારી કરી દીધી છે.

દરમ્યાન મનપાનું તંત્ર હવે સતર્ક બન્યુ છે અને બહારથી ગાંધીનગરમાં પ્રવેશ કરતા પરિવારો મનપામાં રજીસ્ટ્રેશન કરાવે તે અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની વિચારણા કરી રહેલ છે. દિપાવલીનું વેકેશન હોવાથી ઘણા પરિવારો બહાર ફરવા જઈ રહ્યા છે અને તેથી તંત્રએ હવે આ દિશામાં ગંભીર વિચારણા હાથ ધરી છે.

બીજી તરફ ગાંધીનગર શહેરમાં વેક્સિનેશનની કામગીરી પણ જે રીતે ધીમી પડી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દિપાવલીના પર્વોની ઉજવણીમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ બજારોમાં જળવાતુ નથી તેને લઈ પણ ચિંતાઓ ઉભી થઈ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના બે નાયબ મામલતદારનો મામલતદાર સંવર્ગમાં બઢતી મળી છે. ભરતસિંહ ચાવડા અને નજમાબેન હિરાણીની બઢતી સાથે બદલી પણ થઈ છે.
- કલેક્ટર કચેરીના જનસંપર્ક અધિકારી વસંતકુંવરબા પરમાર અને ડિઝાસ્ટર મામલતદાર શ્રીકપુરની બદલી કરવામાં આવી છે.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે દરેક શાખાધિકારીઓ સાથે સામાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૯૦૧ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- આજે દ્વિતીય રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની જિલ્લા પંચાયત ગાંધીનગર ખાતે ધન્વંતરી યજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.
- દ્વિતીય આયુર્વેદ દિવસની ઉજવણીનું આયોજન કોલવડા આયુર્વેદ કોલેજ ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં થશે.
- પોલીસકર્મીઓના ગ્રેડ પે આંદોલન સંદર્ભે રચાયેલ સમિતિની બેઠક ઉજ્જીએ મળશે.
- ગાંધીનગર શહેરમાં આજે પણ બજારોમાં ઘરાકી જોવા મળી હતી.
- ગાંધીનગર શહેરમાં ઉદ્યાનોનું લોકાર્પણ દિપાવલી પછી યોજવામાં આવે તેવા સંકેતો મળ્યા છે.

સ્માર્ટ રોડનું કામ વન વિભાગ અને મનપાના તંત્ર વચ્ચે અટવાયુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ રોડનું કામ વન વિભાગ અને તંત્ર વચ્ચે અટવાયેલી ફાઈલોને કારણે અટવાઈ જવા પામ્યુ છે અને બે વર્ષ પછી આ કામગીરી પૂર્ણ ન થતાં નગરજનોની હાલાકીમાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત રોડ નં. ૬, ૭ અને ગ-રોડને રૂ. ૬૦ કરોડના ખર્ચે સ્માર્ટ રોડ બનાવાવનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ત્રણેય રોડ પર માર્ગને પહોળો કરીને સાયકલ ટ્રેક, ફૂટપાથ તથા અન્ડર ગ્રાઉન્ડ કેબલ નેટવર્કીંગ ઉભુ કરવાનું આયોજન હતુ. માત્ર રોડ પહોળા કરવાની કામગીરી પૂર્ણ થઈ જવામાં છે જ્યારે સાયકલ ટ્રેક અને ફૂટપાથ બનાવવાની કામગીરી અટવાઈ જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આ માટે વૃક્ષો કાપવાની દરખાસ્ત મનપા દ્વારા વન વિભાગને કરવામાં આવી છે પરંતુ વન વિભાગ દ્વારા આ માટેના કોઈ સ્પષ્ટ સંકેત કે મંજૂરી આપવામાં આવી નથી. તંત્ર દ્વારા વધુ વૃક્ષો ન કપાય તે માટે ડિઝાઈનમાં ફેરફાર કરી અને મોલ્ડીંગ ડક્ટ લગાવવાની પણ તૈયારી દર્શાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

વર્ષ-૨૦૧૯માં ત્રણેય સ્માર્ટ રોડની કામગીરી શરૂ થઈ હતી. રોડ પહોળા કરવાની અને ડામર પાથરવાની કામગીરી ખૂબ ઝડપથી પૂરી થઈ પરંતુ સાઈકલ ટ્રેક, ડક્ટ અને ફૂટપાથનું આયોજન ટલ્લે ચડેલું છે. સેક્ટરના આંતરિક રિંગરોડને પહોળા કરતાં પહેલા ખાડા ખોદીને ડિવાઈડર તૈયાર કરવા માટે અધીરા બનેલું તંત્ર સ્માર્ટરોડના મામલે ધીમું ચાલી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર રોડની બંને બાજુએ આવેલી જમીન અને વૃક્ષો પર વન વિભાગની માલિકી છે. સાઈકલ ટ્રેક, ડક્ટ અને ફૂટપાથ જે સ્થળે આકાર પામી રહ્યા છે ત્યાં અગાઉ ખુલ્લી જમીન જ હતી અને ઘણાં સ્થળે ઘટાદાર વૃક્ષો ઉગેલાં છે. વૃક્ષોને કાપતા પહેલાં વન વિભાગની મંજૂરી લેવી આવશ્યક છે. તેથી મ્યુનિ. તંત્ર દ્વારા આ મામલે વન વિભાગમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. વન વિભાગે નિયમ મુજબ આ દરખાસ્તને ભોપાલ ખાતેની વડી કચેરીમાં મોકલી છે, પરંતુ હજુ સુધી મંજૂરી આવી નથી. સ્માર્ટ રોડમાં અડચણરૂપ બનતાં વૃક્ષો કાપવા માટે મંજૂરી ન આવે ત્યાં સુધી ડક્ટ અને સાઈકલ ટ્રેકનું કામ અટકીને પડેલું છે. મ્યુનિ. દ્વારા અગાઉ અંડરપાસ,આંતરિક રોડને પહોળા કરવાની કામગીરીમાં અનેક વૃક્ષો કાપવામાં આવ્યા છે. આ બંને પ્રોજેક્ટમાં વન વિભાગની મંજૂરી લેવામાં ખાસ વિલંબ થયો ન હતો, પરંતુ આ પ્રોજેક્ટમાં શા માટે મોડું થઈ રહ્યું છે તે અંગે અનેક અટકળો વહેતી થઈ છે.

નવા વાહનોની ખરીદી આ વખતે વધી છે. દશેરાના દિવસે મોટી સંખ્યામાં વાહનો ખરીદાયા હતા. વાહનોની ખરીદી બાદ તેના રજીસ્ટ્રેશન માટે આરટીઓ કચેરી ખાતે ભીડ જોવા મળી રહી છે. આરટીઓ કચેરીની બહાર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે.

દિવાળી એટલે હર્ષોલ્લાસનો તહેવાર. કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી દિવાળીની ઉજવણી થઈ ન હતી. કોરોના મંદ પડતા જ હવે તહેવારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દિવાળી નિમિત્તે વિવિધ પ્રકારની મીઠાઈઓ બજારોમાં જોવા મળી રહી છે. મીઠાઈના વિવિધ સ્ટોલ્સ બજારોમાં લાગી ગયા છે. જેમાં અવનવા પ્રકારની મીઠાઈઓ વેચાઈ રહી છે.

દિવાળી પર્વમાં ઘર બંધ કરીને જાવ તો પોલીસને જાણ કરો

આંગડીયા પેઢી અને જવેલર્સના વેપારીઓ રજુઆત કરશે તો પોલીસ રક્ષણ આપશે. ઘર બંધ હોય તેવા સ્થળો પર પોલીસ પેટ્રોલીંગ કરશે

ગાંધીનગર, તા. ૧

દિવાળીના તહેવારોમાં પરિવારો રજા માણવા માટે વતન કે અન્ય જગ્યાએ ફરવા માટે જતા હોય છે. ત્યારે દિવાળીમાં બંધ ઘરને તસ્કરો નિશાન બનાવતા હોય છે. ત્યારે પાટનગરવાસીઓ ઘર બંધ કરીને બહારગામ જતા પહેલા સ્થાનિક પોલીસને જાણ કરો. જેથી પોલીસ તંત્ર દ્વારા બંધ ઘરની આસપાસ વિશેષ પેટ્રોલીંગ કરવામાં આવશે. જયારે દિવાળીના પર્વમાં જવેલર્સ અને આંગડીયા પેઢીના વેપારીઓ કિંમતી ચીજવસ્તુઓ કે રોકડ રકમની હેરફેર માટે જરુર જણાય તો પોલીસને રજુઆત કરશે તો પોલીસ તંત્ર દ્વારા વેપારીઓને સલામતી પુરી પાડવામાં આવશે. જયારે દિવાળીના પર્વમાં ઘર બંધ કરીને જતા પહેલા ઘરમાં રહેલી કિંમતી ચીજવસ્તુ કે રોકડ બેંકના લોકરમાં કે સગા-સ્નેહીજનોને ત્યાં સલામતી માટે મુકવી, જયારે બેંકમાંથી રોકડ લઈને બહાર નીકળતી વખતે ખાસ તકેદારી રાખવી, તો બીજીબાજુ જરુર જણાય તો પરિવારના બે ત્રણ સભ્યો સાથે જવું. જયારે સોનાની ચેઈન અથવા મંગળસુત્ર જેવી મોંઘી ચીજવસ્તુ ગળામાં પહેરેલ હોય તો દુપટ્ટાથી ગળાને ઢાંકી રાખવો, જેથી ચેઈન સ્નેચરની નજર ના પડે, જયારે સરકારના નિયમ અનુસાર જ ફટાકડા ફોડવા જોઈએ. જો કોઈ વ્યકિત મોડીરાત સુધી ફટાકડા ફોડતા હશે અને તેની ફરીયાદ પોલીસને કરવામાં આવશે તો પોલીસ તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જયારે દિવાળીના દિવસોમાં પોલીસ વિભાગ દ્વારા સતત રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ કરવામાં આવશે. પીસીઆર, હોમગાર્ડ તેમજ પોલીસ સ્ટેશન તેમજ એલસીબી, એસઓજી, સહિત મહિલા પોલીસ મથકની ટીમ પણ પેટ્રોલીંગ કરશે. ઉલ્લેખનીય છે કે દરેક પોલીસ મથકમાં જિલ્લા પોલીસ વડા દ્વારા સી ટીમ બનાવી છે. પાંચ મહિલા પોલીસ સહિતની આ ટીમને બંધ ઘરોની સલામતી ચકાસવાની જવાબદારી સોંપાઈ છે. પીસીઆર વાન દ્વારા પેટ્રોલીંગ ઉપરાંત સી ટીમના સભ્યો બંધ હોય તેવા ઘરની રોજ ચકાસણી કરશે અને ચોર તસ્કરોને રોકવા માટે સંવેદનશીલ વિસ્તારો પર ચાંપતી નજર રાખશે.

ટુરીઝમ કોર્પોરેશનમાં આજે એપ્રેન્ટીસ ભરતીમેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧

જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર અને ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લી., ગાંધીનગર દ્વારા તા. ૨-૧૧-૨૦૨૧ ના રોજ સવારે ૧૧ કલાકે ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લી., નિગમ ભવન, ''સી'' બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે એપ્રેન્ટીસ માટે ભરતીમેળો યોજાશે.

જેમાં જીલ્લાના ડીપ્લોમાં સિવિલ, બી.ઈ સિવિલ/બી.ટેક સિવિલ ઉમેદવાર મિત્રો ભાગ લઈ શકશે. આ એપ્રેન્ટીસ ભરતીમેળામાં ભાગ લેવા માંગતા ઉમેદવાર મિત્રોએ અનુબંધમ વેબ પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ તથા પોર્ટલના માધ્યમથી ઉમેદવાર મિત્રોએ ભરતમેળામાં જોડાવવા અરજી કરવાની રહેશે.

તેમજ જે ઉમેદવાર મિત્રો આ એપ્રેન્ટીસ મેળામાં ભાગ લેવા માંગે છે પરંતુ અનુબંધમ વેબ પોર્ટલમાં રજીસ્ટ્રેશન નથી કરાવ્યું તેવા ઉમેદવાર મિત્રોએ અનુબંધમ વેબ પોર્ટલ anubandham.gujarat.gov.in/account/signup પર જોબસીકર તરીકે પોતાનું રજીસ્ટ્રેશન કરી લેવાનું રહેશે. વધુ માહિતી માટે રોજગાર હેલ્પલાઈન નંબર- ૬૩૫૭૩૯૦૩૯૦ પર ફોન કરી માહિતી મેળવી શકાશે, તેવું રોજગાર અધિકારી (જનરલ)એ જણાવ્યું છે.

ગાંધીનગરની સાત મીઠાઈ-ફરસાણની દુકાનેથી નમૂના લઈ તપાસ કરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાની ફુડ શાખા દ્વારા તા. ૧૨મી ઓકટોબરથી તા. ૧ નવેમ્બર સુધીમાં મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી સાત મીઠાઈ- ફરસાણના વેપારીને ત્યાં ખાધ તેલ અને રો મટીરીયલ વગેરેની તપાસ કરી હતી. તેમજ સ્વચ્છતા રાખવા માટેના જરૂરી સૂચનો કર્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં તહેવારોના સમયમાં ભેળસેળવાળી ખાધ ચીજવસ્તુઓનું વેચાણ ન થાય તેમજ ખાધ ખોરાક ગુણવત્તાવાળા મળી રહે તે માટેની ખાસ તકેદારી રાખવા માટે મહાનગરપાલિકાના કમિશનર ધવલ પટેલે સૂચના આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા તા. ૧૨મી ઓકટોબરથી આજરોજ સુધી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી સાત મીઠાઈ-ફરસાણની દુકાનના ખાધ ચીજવસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે.

જેમાં સેકટર-૨૫, જી.આઈ.ડી.સીમાં આવેલી વી.પી. સુખડિયા ફુડ પ્રોડૂકટની સેવ (નમકીન) અને કાજુકતરી, સેકટર-૨૮, જી.આઈ.ડી.સી.માં આવેલી રાધેક્રિષ્ના ફુડ પ્રોડૂક્ટના મોતીચુરના લાડું અને રાધે બ્રાન્ડ મીક્ષ ચવણા, સેકટર- ૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં આવેલી રાધે સ્વીટ્સ એન્ડ નમકીનની દુકાનમાંથી ટ્રોપીકલ સ્કવેર(સ્વીટ) અને રાધે બ્રાન્ડ પૌઆ અને સરગાસણ ખાતે પ્રમુખ એસોસિએટમાં આવેલી બેક મેજિક દુકાનમાંથી બિસ્કીટ (બેકરી)ના નમૂના લેવામાં આવ્યા છે.

આ નમૂનાઓને ગુજરાત સરકાર હસ્તકની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. તેમજ ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલી મીઠાઈ- ફરસાણના વેપારીને ત્યાં ખાધ તેલ અને રો મટીરીયલ વગેરેની ટી.પી.સી. મશીન દ્વારા તપાસણી કરવામાં આવી હતી. તેમજ તમામ દુકાન ખાતે સ્વચ્છતા રાખવા માટે પણ ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું.

અમદાવાદની આર્યાએ પોતાનું સાતમું પુસ્તક ''સીડ્સ ટુ સો'' મુખ્યમંત્રીને ભેટ અર્પણ

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ અને હેરીટેજ રક્ષક ૧૨ વર્ષની દીકરી આર્યાને શુભેચ્છાઓ પાઠવી છે. બાળપણથી જ પર્યાવરણ રક્ષા અને હેરિટેજ વિષયમાં રસ રૂચિ ધરાવતી દિકરી આર્યા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં રૂબરૂ મળી હતી.

અમદાવાદની વતની આર્યા ૭ માં ધોરણમાં ભણે છે અને યુનાઈટેડ નેશન્સ, યુનેસ્કો, વર્લ્ડ હેરીટેજ કમિટી પેરીસ, ગાંધી સેન્ટર -હેગ નેધરલેન્ડ જેવી વિશ્વ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પોતાના કાર્યોની પ્રસ્તુતિ કરી ચુકી છે.

આર્યાએ અત્યાર સુધીમાં ૭ જેટલા પુસ્તકો લખ્યા છે. આર્યાએ આજે પોતાનું સાતમું પુસ્તક ''સીડ્સ ટુ સો'' મુખ્યમંત્રીને ભેટ અર્પણ કર્યું હતું.

સર્જનાત્મકતા : કોરોના કાળમાં મોબાઈલ ગેમમાં જોઈને બાળકે મશીનગનના મોડેલ બનાવ્યાં....!!

કાગળ-થર્મોકોલ, કાર્ડબોર્ડ વગેરેનો ઉપયોગ કરીને વિવિધ મોડેલ બનાવ્યા : મોટર, બેટરી અને સ્વીચ લગાડી 'મશીનગન' જેવા અવાજની પણ વ્યવસ્થા કરી

ગાંધીનગર, તા.૧

કોરોના કાળમાં બાળકો 'ઓનલાઈન' શિક્ષણને કારણે તથા લોકડાઉનમાં બહાર રમવા જવાનું ઓછું થઈ જતાં મોબાઈલ ગેમના બંધાણી થઈગયાં હોવાની ફરિયાદો મોટા ભાગના વાલીઓ કરી રહ્યા છે અને કેટલેક અંશે આ ફરિયાદો સાચી પણ છે. જો કે બાળકના મનને જો યોગ્ય દિશા પ્રાપ્ત થઈ હોય તો આ સ્થિતિમાં પણ તેની સર્જનાત્મકતા પ્રદર્શિત કર્યા વગર રહેતું નથી જેવું ઉદાહરણ સેકટર-૧૩-સી ના આશરે ૧૨ વર્ષીય નૈતિક પ્રજાપતિ નામના બાળકે પુરું પાડયું છે. આ બાળકે કોરોનાકાળમાં મોબાઈલ ગેમ રમતાં રમતાં તેમાં બંદૂકો જોઈને પોતાની જાતે તે બંદૂકોના કાગળ અથવા થર્મોકોલના મોડેલ બનાવ્યા છે.

કોરોના લોકડાઉનમાં ઘરમાં રહીને મોબાઈલ ગેમ રમતાં રમતાં નૈતિકને ગેમમાં જોવા મળતી વિવિધ 'ગન' આકર્ષી ગઈ જેથી તેણે આવી વિવિધ મશીનગનના મોડેલ બનાવવાનું કામ હાથ ધર્યું. નૈતિકે થર્મોકોલ, કાગળ, કાર્ડબોર્ડ, સેલોટેપ, રબર વાપરી વિવિધ મશીનગનના મોડેલ બનાવ્યા છે. આ મશીનગમાં તેણે એકે-૪૭, વુડપિકર, એમપી-૫, સ્કાર જેવી બંદૂકોના મોડેલ બનાવ્યા છે જે પૈકી તેણે તેના મિત્રને પણ ભેટ આપી છે. સેકટર-૨૩માં જાણીતી શાળામાં ગુજરાતી માધ્યમમાં ધો-૭માં અભ્યાસ કરતા નૈતિક પ્રજાપતિએ તેની કાગળની મશીનગમાં બેટરી મોટર અને સ્વીચ લગાડી તેનું વાયરીંગ કરીને મશીનગન ચાલતી હોય તેવો અવાજ આવે તેવી પણ વ્યવસ્થા ગોઠવી છે. એક રીતે તો નૈતિકની આ સર્જનાત્મકતા પ્રસંશાને પાત્ર છે પરંતુ બીજી તરફ જેમ યુરોપ-અમેરિકામાં મોબાઈલ ગેમ્સના કારણે બાળકોના ગન કલ્ચર તરફ વળી જોખમી સ્થિતિ પેદા કરવાના કિસ્સા બની રહ્યા છે તેવી રીતે તેના બાળમાનસમાં 'ગન કલ્ચર' ના વિકસે તે વાલીએ જોવું રહ્યું.

આર.ટી.ઓ.માં પસંદગીના નંબરો માટે રી-ઓક્શન કરાશે

ટુ વ્હીલર અને ફોર વ્હીલરના નંબરો માટે ૧૮ અને ૧૯મીએ રી-ઓક્શનની પ્રક્રીયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લાના નાગરિકો પસંદગીનો નંબર મેળવી શકે તે માટે ટુ વ્હીલર તથા એલ.એમ.વી. કારની સીરીઝનું રી-ઓક્શનનું આયોજન કરવામાં આવ્યું છે. રી-ઓક્શનની ઓનલાઈન અરજી તા. ૧૫ નવેમ્બર થી તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૧ સુધી કરી શકાશે. ઓકેશનનો આરંભ ૧૮ મી નવેમ્બરના રોજ ૧૨.૦૦ કલાક થી શરૂ થશે. ઓકેશનની પ્રક્રિયા તા. ૧૯ મી નવેમ્બરના રોજ બપોરના ૧૧ કલાક અને ૫૯ મિનિટે પૂર્ણ થશે, તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુ વ્હીલરમાં GJ-18-DG,GJ-18-DH,GJ-18-DJ,GJ-18-DK,GI-18-DL, GJ-18-DM તથા એલ.એમ.વી કારની સીરીઝ GJ-18-BK, GJ-18-BL, GJ-18-BM, GJ-16-BN, GJ-18-BP, GJ-18-BQ સીરીઝમાં રી-ઓક્શન કરવામાં આવશે. પસંદગીના નંબરો માટે રાજ્ય સરકાર દ્વારા પરિપત્રથી આપેલી સૂચનાનુસાર ગોલ્ડન નંબરો, સિલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ રજિસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ ફોર્મ વગેરેને મૂળભૂત રીતે યથાવત રાખી, વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડને લક્ષમાં રાખી, સરકારશ્રી દ્વારા વાહનના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા ''ઈ-ઓક્શન'' થી કરવાનું નકકી કરવામાં આવ્યું છે. અરજદારને વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતો-વખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. આ ઉમેરો રૂ.૧૦૦૦/-ના ગુણાંકમાં વધારવાનો રહેશે. હાલની ONE TIME BIDDING PROCESS જેમ એક જ વખત BIDD PROcess કરી શકશે નહી. ઓનલાઈન અરજી તા. ૧૫ નવેમ્બર થી તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૧ દરમ્યાન કરી શકાશે. ઓકેશનનો આરંભ ૧૮મી નવેમ્બરના રોજ ૧૨ કલાકથી શરૂ થશે. ઓકેશનની પ્રક્રિયા તા. ૧૯ મી નવેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરના ૧૧ કલાક અને ૫૯ મિનિટે પૂર્ણ થશે.

ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનાર અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે. આ માટે http:/parivahan.goin/parivahan પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવાનો રેહશે. વેબસાઈટ પર લોગીન કરીને વાહન ખરીદીના દિવસ-૭ની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવવો.આ માટેની વિગતવાર સૂચનાઓ APPENDIX-A ઉપર આપવામાં આવી છે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ (પાંચ) દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે.

જો આ નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ રકમ (Base price) ને જપ્ત કરવામાં આવશે. ફરીવાર હરાજી કરાવવામાં આવશે. ઓનલાઈન ઓકશન દરમ્યાન અરજદારે આરબીઆઈ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. ટુ- વ્હીલર તથા ફોર- વ્હીલર માટે સિલ્વર નંબર તથા ગોલ્ડ નંબર માટે જરૂરી Base price ચૂકવવાની રહેશે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

'પાણીને લગતા કોઈપણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડ ગાંધીનગરનો ટોલ ફ્રી હેલ્પલાઈન નં. ૧૯૧૬ પર સંપર્ક કરવો'

ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૫ સને ૨૦૨૧-૨૨

આઈ.ડી. નં. ૪૮૯૩૨૭ (બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી દહેગામ તાલુકાના કંથરપુર ગામે મહાકાળી વડના વિકાસ કામે બિલ્ડિંગના પાયામાંથી જી-૨ જુથ યોજનાના બાબરા હેડવર્કસથી વાસણા ચૌધરી ગામ તરફ જતી ૯૧૦ મી.મી. વ્યાસની એમ.એસ. પાઈપલાઈન સીફ્ટીંગ કરવાના કામ, ટેન્ડર આઈ.ડી. ૪૮૯૩૨૭ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તીર્ણ થવાનું રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http:gwssb.nprocurc.com તથા www.gwssb.org ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૧૫-૧૧-૨૦૨૧ વેબસાઈટ પર મૂકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમના મૂળ દસ્તાવેજોના કવરો ટેન્ડર ઓનલાઈન સબમીશન રજૂ કરવાની છેલ્લી તારીખના બીજા દિવસે ૩ વાગ્યા સુધીમાં R.P.Ad / Speed post / Hand Deliveryથી ઉપરના સરનામે પહોંચતા કરવાના રહેશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૬૦, મોબાઈલ નં. ૯૯૭૮૪૦૭૧૧૯

માહિતી/૧૪૩૦/૨૧-૨૨